# સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ: ૪ | ગણિત | જુલાઈ, ૨૦૨૦

સમય: ૧ કલાક | કુલ ગુણ: ૨૫

* અ.નિ. (અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)

**અ.નિ.** આસપાસના પર્યાવરણમાં જોવા મળતા આકારોની સમજ ધરાવે છે.


**પ્રશ્ન: ૧ માગ્યા મુજબ જવાબ આપો.**

(૧) એક બોક્સની ત્રણ બાજુઓ દેખાય તેવી આકૃતિ દોરો. (૦૨)

(૨) તેલના પતરાના ડબ્બામાં કેટલી બાજુઓ ચોરસ હોય છે ? કેટલી બાજુઓ લંબચોરસ હોય છે ? (૦૨)

ચોરસ: ______ લંબચોરસ: ________

(૩) આપેલ ચિત્રોમાંથી ઈંટની બાજુ જેવી દેખાતી આકૃતિ પર ખરાં (✓)ની નિશાની કરો. (૦૧)



(અ) (બ) (ક) (ડ)

**અ.નિ.** સંખ્યાઓની મૂળભૂત ક્રિયાઓનો ઉપયોગ રોજિંદા જીવનમાં કરે છે .

**પ્રશ્ન: ૨ માગ્યા મુજબ જવાબ આપો.**


(૧) ૧૦૦૦ ઈંટોનો ભાવ રૂા. ૧૮૦૦ હોય તો ૩૦,૦૦૦ ઈંટોનો ભાવ કેટલા રૂપિયા થાય ? (૦૨)

(૨) શાળાના પુસ્તકાલયમાં પાંચ ખાનાવાળું એક કબાટ છે. જેમાં દરેક ખાનામાં એક સરખી સંખ્યામાં પુસ્તકો ગોઠવાયેલાં છે. જો કબાટમાં કુલ ૮૦ પુસ્તકો હોય તો, દરેક ખાનામાં કેટલાં પુસ્તકો હોય? (૦૨)

(૩) એક લાખમાં એકની પાછળ કેટલી શૂન્ય આવે ? (૦૧)

**અ.નિ.** બે બિંદુઓ વચ્ચેના અંતરનું માપપટ્ટી વડે માપન કરે છે અને દોરે છે.

**પ્રશ્ન: ૩ બિંદુઓ વચ્ચેનું અંતર માપી પ્રશ્નોના જવાબ લખો.** (૦૫)



(૧) કયાં બે બિંદુઓ એકબીજાથી સૌથી વધુ નજીક છે ?

(૨) કયાં બે બિંદુઓ એકબીજાથી સૌથી વધુ દૂર છે ?

(૩) બિંદુ E અને બિંદુ F વચ્ચેનું અંતર કેટલું છે ?


(૪) કયા બે બિંદુઓ એકબીજાથી ૫ સેમીના અંતરે આવેલા છે ?

(૫) બિંદુ D થી કયા બે બિંદુઓ સરખા અંતરે આવેલા છે?

અ.નિ. અંતર અને ઊંચાઇ આધારિત વ્યાવહારિક કોયડા ઉકેલે છે.

**પ્રશ્ન: ૪ માગ્યા મુજબ જવાબ આપો.**

(૧) (૦૨)




અમદાવાદથી મુંબઇ કેટલા કિમી દૂર છે ?

(૨) એક ઝાડની ઊંચાઇ ૨૮૦ સેમી છે. ટાવરની ઊંચાઇ ઝાડની ઊંચાઇ કરતાં પાંચ ગણી છે. તો ટાવરની ઊંચાઇ કેટલા મીટર હશે ? (૦૨)

(૩) ખુશીની ઊંચાઇ ત્રીજા ધોરણમાં ૧૩૫ સેમી હતી. જ્યારે ચોથા ધોરણમાં તેની ઊંચાઇ ૧૩૮ સેમી થાય છે. તો એક વર્ષમાં ખુશીની ઊંચાઇ કેટલી વધી કહેવાય ? (૦૧)

અ.નિ. બે વસ્તુઓના અંતર, જુદી-જુદી વસ્તુઓનું વજન, વસ્તુઓની ગુંજાશ વગેરેનો અંદાજ લગાવે છે અને તેમનું ચોક્કસ માપન કરે છે.

**પ્રશ્ન: ૫ માગ્યા મુજબ જવાબ આપો.**

(૧) અંદાજિત ઊંચાઇને આધારે જોડકાં જોડો. (૦૩)

| | (અ) | | (બ) |
|---|---|---|---|
| (૧) | વર્ગખંડની ઊંચાઇ | (અ) | ૧ મીટર |
| (૨) | તુલસીના છોડની ઊંચાઇ | (બ) | ૧૦ મીટર |
| (૩) | વીજળીના થાંભલાની ઊંચાઇ | (ક) | ૪ મીટર |

(૨) વિજયના દાદા દરરોજ સવારે ૨૫૦૦ મીટર અને સાંજે ૩ કિમી ચાલે છે. કયા સમયે દાદા વધુ ચાલે છે ? કેટલું ? (૦૨)